# તસ્મૈ શ્રી ગુરવે નમ :

ગુરુપૂર્ણિમાનો મહિમા છેલ્લાં ઘણાં વર્ષોથી વધતો જ રહ્યો છે. આ હાઈટેક જમાનામાં એકલા થઈ ગયેલા માનવીને કોઈ મજબૂત માનસિક સપોટ ખપે છે જે એને પરિવાર કરતાં બહારથી કોઈ પ્રતિભાસંપન્ન આધ્યાત્મિક હસ્તી પાસેથી મેળવવામાં એને સધિયારો લાગે છે. એમાં કયારેક એ તરી જાય છે તો કયારેક અંધશ્રદ્ધાનાં વમળમાં ગોથાં ખાઈ બરબાદ પણ થઈ જાય છે. 'ગુરુ'નો અર્થ છે અંધકારમાંથી પ્રકાશમાં દોરી જનારો માર્ગદર્શક. અંગ્રેજીમાં દે 'ફ્રેંડ, ફિલોસોફર એન્ડ ગાઈડ'ની સંકલ્પના છે એવા ગુરુ સાંપડે એનું જીવન ધન્ય બની જાય છે. સામાન્ય રીતે આપણી ભારતીય પરંપરામાં ગુરુ મિત્રતાની હદે નીચે ઊતરવામાં હીણપત અનુભવતા હોય છે. એમને શિષ્યો પાસે પગચંપી કરાવવામાં અને અંગૂઠા પૂજાવવામાં વધુ આનંદ આવે છે. ભગવાન બુદ્ધે આવા ગુરુઓથી ભરમાયેલા પ્રજાજનોને આત્મદીપ બની જાતે જ પોતાનો રસ્તો શોધી કાઢવાની હાકલ કરી છે, અને ગુરુ દત્તાત્રેયે કૂતરાને પણ ગુરુ ગણ્યો છે, એ કેટલું સૂચક છે! ગુરુ વિના જ્ઞાન ન જ મળે એવું માની લેવું તે માણસની અપરિમેય અંતર્નિહિત શક્તિનું અપમાન જ ગણાય. શ્રી કૃષ્ણને આપણે જગતગુરુ કહ્યા. પરંતુ એમને પણ સાંદીપની જેવા ગરીબ ઋષિના ગુરુકુળમાં જઈ માણસાઈના પાઠ ભણવા પડેલા. સાંદિપનિ શ્રેષ્ઠ ગુરુ છે, જે કૃષ્ણ અને સુદામાને સરખા ગણે છે. દ્રોણ કનિષ્ઠ ગુરુ છે જે માત્ર રાજકુમારોને જ શિષ્ય તરીકે સ્વીકારે છે

**તંત્રીસ્થાનેથી...**

અને પોતાની મૃણ્મય પ્રતિમા મૂકી એમને માનસિક ગુરુ તરીકે પૂજનારા વનવાસી એકલવ્યનો અંગૂઠો ગુરુદક્ષિણામાં માગી લે છે. પરશુરામ બ્રાહ્મણ સિવાય કોઈને શસ્ત્રવિદ્યા શીખવતા નહોતા. કર્ણ છદ્મવેશે શિષ્ય થઈને વિદ્યાપ્રાપ્તિ કરવા લાગ્યો ત્યારે એની અસલિયત જાણ્યા પછી પરશુરામે એને ખરા સમયે ભણેલું ભૂલી જવાનો શાપ આપી દીધો હતો. આજ સાંદીપનિ પણ છે, દ્રોણ પણ હશે અને પરશુરામ પણ મળી રહેવાના. મસમોટી ફાઈવ સ્ટાર મહાશાળાઓવાળા વિદ્યાપુરુષોનાં દ્વાર કર્ણ અને એકલવ્યો માટે થોડાં ખૂલે છે ? આધ્યાત્મિક ગુરુ મૂઠી ઊચેંરા હસ્તી હોય છે. 'ગુરુ તારો પાર ના પાયો' એ ભજનમાં જે ગુરુની કલ્પના છે એવા ગુરુ તો એ કે જે એને ઝંખતા શિષ્યને સામે ચાલીને શોધી લે. વિશ્વામિત્ર એવા ગુરુ છે. રામ લક્ષ્મણને સામે ચાલીને રાજા દશરથ પાસેથી માગી આવ્યા અને એમનું ઘડતર કર્યું. ગુરુપૂર્ણિમાના પાવન પૂર્વે આપણા સમકાલીન તેમ જ પુરોગામી મહાગુરુઓનું સ્મરણ તો કરીએ જ. એવા ગુરુઓમાં શંકરાચાર્યથી પ્રમુખ સ્વામી અને મોરારિબાપુ જેવી વિભૂતિઓ આવી જાય, બલકે હનુમાનજી અને સાંઈબાબાનો કે શ્રીકૃષ્ણ, બુદ્ધ, મહાવીર, સોક્રેટિસ અને ગાંધીનો પણ સમાવેશ થઈ જાય છે. ગુરુ સમક્ષ શિષ્યે સંપૂર્ણ શરણાગતી સ્વીકારવી પડે. શિષ્યસ્તેડહં - શાધિ માં ત્વાં પ્રપન્નમ્ કહી અર્જુને કુરુક્ષેત્રના યુદ્ધ મેદાનમાં જગદ્ગુરુ શ્રીકૃષ્ણનું શરણું સ્વીકાર્યું ત્યારે જ આપણને ગીતા જેવો અદ્ભૂત ગ્રંથ સાંપડ્યો. ગુરુપૂર્ણિમા એ ગુરુ પ્રત્યેના સમર્પણનું પર્વ છે. પરંતુ ગુરુઓની શોધમાં દર દર ભટકતા માનવી માટે સૌથી પ્રથમ ગુરુ તો માતાપિતા હોવા જોઈએ. એમને અવગણીને ગુરુભક્તિ કરનારને કદી મુક્તિ મળે ખરી?

# શિષ્ય કે શ્રોતાના મનના અંધકારને દુર કરે તે ગુરૂ





'અરે બેટા, બહુ વાગ્યું તો નથી ને?' 'સારું થયું બીજા વાહનોને બ્રેક વાગી.' 'પણ હવે સંભાળજો, કયાંકે જતા નહિ. એવું હોય તો મારા ઘરે આવજો, આરામ કરવા.' હોસ્પિટલમાં હાજર સાવ - અજાણ્યા પાંચ સાત માણસોએ ઈજાગ્રસ્તોને કહ્યું. પરંતુ એકાદ-બે કલાક બાદ કહેનારાનો આભાર માનીને એમને જયાં જવું હતું ત્યાં પહોંચવા તેઓ આખરે નીકળી જ ગયા.

કારણમાં કોઈ સાહસ - પ્રલોભન-સ્પર્ધા કે લક્ષ્ય હતા ? જરા પણ નહિ, પરંતુ એમના હૈયામાં છલકાતો હતો આજના દિવસના એક અપૂર્વ અવસરનો આનંદ. ગુરુપૂર્ણિમાનો અવસર. એક પાવન પર્વ. શિષ્ય કે શ્રોતાના મનના અંધકારને દુર કરે તે ગુરુ. આંખ નહિ દૃષ્ટિ આમે, પાંખ નહિ પ્રેરણા આપે તે ગુરુ. ગુરુપૂર્ણિમાના - અષાઢ સુદ પૂનમના પાવન દિવસે જયાં જેમની શ્રદ્ધા તે મુજબ ભક્તો-શિષ્યો કે શ્રોતાઓ અને અનુયાયીઓ એમના શ્રદ્ધેય વ્યક્તિના - સ્થાને જઈને એમને વંદન કરતા હોય છે.

આવી જ એક ગુરુપૂર્ણિમાનો એ દિવસ હતો, ૧૯૮૦ના દાયકાનો. ધાર્મિક અને આધ્યાત્મિક સંસ્કારોથી સભર પરિવારના ભાઈ-બહેન એમના એક મિત્ર સાથે ગુરુપૂર્ણિમાના દિવસે વહેલી સવારે ઘરેથી નીકળ્યા - એમની સાઈકલ મુકી ભાવનગરના એસ.ટી. બસ સ્ટેન્ડમાં અને બેસી ગયા ભાવનગરથી મહુવા જવા માટેની બસમાં.

એ દિવસોમાં વિશ્વભરમાં રામકથાને પ્રવાહિત કરનાર પુજ્ય મોરારિ બાપુના જન્મસ્થાન અને તેમના ગામ તલગાજરડામાં દર વર્ષે ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ઉલ્લાસમય વાતાવરણમાં ઉજવાયો હતો. હનુમાનજી મહારાજના સાનિધ્યમમાં આ પર્વની ઉજવણી માટે દેશ-વિદેશના અને અન્ય રાજયોના લોકો મોટી સંખ્યામાં આવતા હતા. આમના હૈયામાં પણ કથાનો શ્રોતા તરીકેનો એક ભાવ સ્થાયી થયો હતો અને આ અવસરે તેઓ અહીં આવતા થયા હતા. મહુવા વહેલી સવારે આવી ગયું. બસ સ્ટેન્ડથી રીક્ષા કરીને તલગાજરડા જવા નીકળ્યા. અષાઢી આભ ઘેરાયેલું હતું. વરસાદ ધીમી ધારે વરસતો હતો. રસ્તામાં ખાબોચીયા - કીચડ પણ હતા. મુખ્ય રસ્તા પરથી ગામ તરફ જવાનો સાંકડો રસ્તો શરુ થયો. સામસામી બસ - મેટાડોર અને કાર તથા રીક્ષાઓમાં ભાવિકો આવી રહ્યા હતા. અચાનક શું થયું કે એક પંખી રીક્ષાની આ બાજુથી આવ્યું ને બીજી બાજુ ફરરર... થઈને નીકળી ગયું એમાં અચાનક આમ બનવાથી ડ્રાઈવર ગભરાયો - સ્ટીયરીંગ પરનો કાબુ ગમાવ્યો ને રીક્ષા ઊંધી પડી - થોડે દૂર સુધી ઘસડાઈ ભગવાનની કૃપા કે આગળ પાછળ આવતા વાહનોને સમયસર બ્રેક લાગી. બધા એકઠા થઈ ગયા. ઈજાગ્રસ્તોને બેઠા કર્યા અને મહુવા તરફ જતી એક ખાલી મેટાડોરમાં કોઈ એમને મહુવાના સરકારી દવાખાને લઈ ગયું. વહેલી સવારના સમયે પણ ડૉકટરો - નર્સ અને સ્ટાફે વિશેષ કાળજી લીધી - ઈજાના ભાગ પર યોગ્ય પાટા પીંડી કરી - દવા - ઈન્જેકશન આપ્યા અને વિશેષ ઈજા થઈ નથી તેની હૂંફ પણ આપી. એ દરમિયાન જે થોડા લોકો હોસ્પિટલમાં હતા એમણે આવા સંવાદો પ્રેમપૂર્વક કર્યા હતા.




આખરે સ્વસ્થ થઈને, ચા-નાસ્તો કરીને ફરી હોસ્પિટલથી એક નવી રીક્ષામાં તેઓ નીકળ્યા એમના શ્રદ્ધેય વ્યક્તિત્વ અને ભૂમિ તરફ... ગુરુપૂર્ણિમાના અવસરમાં મોડા મોડા પણ શામિલ તો થયા જ. ભલે નાનકડો અકસ્માત હતો પરંતુ મનથી હિંમત હાર્યા વિના હૃદયમાં પૂર્ણ શ્રદ્ધા હતી એટલે મનમાં નક્કી કરેલો મનોરથ પૂર્ણ કરી શકયા. ભક્તિ - શ્રદ્ધા-વિશ્વાસ - જે કહો તે એના બળ પર પહોંચ્યા અને ગુરુપૂર્ણિમાના અવસરનો આનંદ લઈ શકયા જેના સ્મરણથી એમનો વિશ્વાસ વધુને વધુ સંવર્ધિત થતો હતો.

દેવભાષા તરીકે ઓળખાતી સંસ્કૃત ભાષામાં લખાયું...
ગુરુબ્રહ્મા ગુરુવિષ્ણુ ગુરુ દેવો મહેશ્વર
ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમ:
કબીરે સાહેબે દોહો લખ્વો
ગુરુ કો સિર પર રાખીયે, ચલિયે આજ્ઞા માહિ,
કહે કબીર તા દાસ કો, તીન લોક ભય નાહિં.
ગોસ્વામી તુલસીદાસજીએ ચોપાઈ લખી....
બંદઉ ગુરુ પર પદુમ પરાગા
સુરુચિ સુખાય સરસ અનુરાગા
આપણી ગુજરાતી ભાષાની પરાપારની ભજનવાણીમાં દેવાયત પંડિતે લખ્યું....
ગુરુ તારો પાર ન પાયો...

આજે ગુરુપૂર્ણિમાના દિવસે ગુરુ મહિમાનું સ્મરણ કરવું છે. સદ્ગુરુના પૂજનનો - વંદનનો આ દિવસ છે. જેના હૈયાનો તાર જયાં મળ્યો, જયાં જેનું મસ્તક ઝુક્યું ત્યાં વ્યક્તિ શ્રદ્ધા અને વિશ્વાસ સાથે જાય છે અને જીવનમાં હકારાત્મકતાની - ભક્તિની પ્રેરણા મેળવે છે.

ભારતીય સંસ્કૃતિમાં ગુરુનો મહિમા અપાર છે, એની એક દૃષ્ટિથી, એની કૃપાથી લાખ્ખો માનવીઓના વ્યક્તિગત જીવનમાં બદલાવ આવ્યો છે. હિન્દુ - જૈન - બૌદ્ધ ધર્મો અને કેટલાયે સંપ્રદાયોએ ગુરુના સ્થાનને આદર આપ્યો છે. આજના ગુરુપૂર્ણિમાના અવસરે આશ્રમો - ગુરુકુળો-ધાર્મિક મંદિરો અને સાધુ-સંતોની જગ્યાઓ પર એમના ભક્તો ગુરુપૂજન માટે શ્રદ્ધાથી પહોંચ્યા હશે અને આનંદિત હશે. સદ્ગુરુ શરણમાં જઈને, એમના ઉપદેશોનું પાલન કરીને શિષ્ય આત્મ-જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

આધ્યાત્મિક સમસ્યાઓનું સમાધાન સદ્ગુરુના શરણમાં છે. સદ્ગુરુ શિષ્યને આત્મજ્ઞાન - ઈશ્વર અનુભૂતિ સુધી જરુર પહોંચાડી શકે છે.

સાચા ગુરુ આચરણ સંપન્ન હોય છે. સત્ય-અસત્ય, વિદ્યા-અવિદ્યાનો ભેદ બતાવી શકે છે, માત્ર ઉપદેશ આપે નહિ પોતે પેલા આચરણ કરે એ સાચા ગુરુ છે. ચિત્તને સરળ - નિર્મળ કરે છે સદ્ગુરુ, ત્યાગ-વિવેક અને વૈરાગ્યથી સભર હોય છે સાચા ગુરુ.

સદ્ગુરુ શરીરથી નજર સન્મુખ હોય શકે અને ના પણ હોય, શ્રદ્ધા સતત સંવર્ધિત થાય છે. એનું ધ્યાન ધરવાથી મનની સાચી દિશામાં ગતિ થાય છે. હૃદયમાં સત્ય-પ્રેમ અને કરૂણાના ભાવ પ્રગટ થાય છે. હકારાત્મકતાનું, પ્રસન્નતાનું અને સહજતાનું વાતાવરણ સર્જાય છે આપણી આસપાસ... એના શબ્દોના મર્મને ઝીલીને આચરણમાં મુકવાથી ડગલેને પગલે જીવનમાં સદ્ગુરુની કૃપા થકી અજવાળું અજવાળું રેલાય છે.

તેજપૂંજ :
અજવાળું રે મારે અજવાળું
ગુરુજી તમ આવ્યે મારે અજવાળું
સતનો શબદ જયારે શ્રવણે સુણાયો,
ભીમ ભેટ્યા ને ભાંગ્યું ભ્રમણાનું તાળું

- દાસી જીવણ

# ગુરૂ ગોવિંદ દોનો ખડે કિસકો લાગુ પાય, બલિહારી ગુરૂ આપકી ગોવિંદ દિયો દિખાય

માનવ જાતિનાં સૌપ્રથમ જ્ઞાનગ્રંથો એટલે કે વદોનું ચારભાગોમાં સંપાદન કરનાર ભગવાન વેદવ્યાસજીનો જન્મ દિવસ અષાઢી પૂર્ણિમાએ, ગુરુ પૂર્ણિમા તરીકે દર વર્ષે ઉજવવાની પરંપરા આપણા ભારતમાં મહાભારત જેટલી પુરાણી છે. વેદવ્યાસજી માનવ જાતિના આદિગુરુ છે.

ગુરુ શબ્દ એ સંસ્કૃત શબ્દ છે. ગુરુ એટલે લઘુ નહીં તે. ગુરુનો બીજો અર્થ શિક્ષક અથવા માર્ગદર્શક. પરંતુ, ગુરુ પૂર્ણિમાના સંદર્ભમાં ગુરુ એટલે માત્ર સામાન્ય માર્ગદર્શક કે શિક્ષક નહીં પરંતુ, અજ્ઞાનરૂપી તિમિરને દૂર કરી શિષ્યના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પાથરે, આધ્યાત્મિક જ્ઞાનનો પ્રકાશ પાથરે તે. આવી વ્યક્તિને આપણે સદ્ગુરુ પણ કહી શકીએ. આવા ગુરુઓ બહુ દુર્લભ હોય છે. આદિશંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, ચૈતન્ય મહાપ્રભુ, મહર્ષિ અરવિંદ જેવા અનેક આધ્યાત્મિક ગુરુઓ ભારતની ભૂમિ પર જન્મ્યા છે. આપણે 'કૃષ્ણં વંદે જગત્ગુરુમ્, કહીએ છીએ. ગુરુ પૂજનનું મહત્ત્વ માત્ર હિંદુ ધર્મમાં જ છે એવું નથી. જૈનધર્મ, બૌદ્ધધર્મ, અને શીખધર્મમાં પણ ગુરુનું મહત્ત્વ છે.'

મનુષ્યના મનમાં એ પ્રશ્ન કયારેક ને કયારેક ઉદ્ભવે છે કે 'ગુરુની શું આવશ્યકતા છે? અને જો હોય તો કોને ગુરુ બનાવવા સાચા ગુરુને કેવી રીતે ઓળખવા ? સાચા ગુરુના લક્ષણો શું હોય ? વગેરે પ્રશ્નો સમજદાર સાધકના મનમાં જાગૃત પણે ઉઠવા આવશ્યક છે.'

● ગુરુની આવશ્યકતા


**આજે ગુરૂપૂર્ણિમા**
**- રજનીકાંત ભટ્ટ**

પ્રાથમિક શિક્ષણથી શરુ કરીને યુનિવર્સિટીના ઉચ્ચત્તમ શિક્ષણ સુધી આપણે શિક્ષકની, અધ્યાપકની કે માર્ગદર્શનની આવશ્યકતા રહે છે. જયારે, અધ્યાત્મ સાધના, બ્રહ્મવિદ્યા કે, ઈશ્વરદર્શન માટેની વિદ્યા એટલે કે અધ્યાત્મવિદ્યા, ઉપનિષદોની ભાષામાં પરાવિદ્યા જે પ્રાપ્ત કરવી અતિકઠિન છે. શું તેને પ્રાપ્ત કરવા માટે યોગ્ય ગુરુ કે માર્ગદર્શકની જરુર ન પડે ? સદ્ગુરુ વગર બ્રહ્મવિદ્યાના, પરાવિદ્યાના પથ પર ચાલવું અસંભવ છે. ભગવાન શ્રીરામ, શ્રીકૃષ્ણ, સ્વામી વિવેકાનંદ જેવા યુગાવતારોને પણ ગુરુની જરુર પડી હતી. આથી, આપણે પણ આધ્યાત્મિક જીવનમાં ગુરુની આવશ્યકતા છે.

● સાચા ગુરુના લક્ષણો

વિદ્યાભ્યાસને લય કહેવામાં આવ્યું છે. વિદ્યાપ્રાપ્તિ સક્ષમગુરુ પાસેથી કરવી જોઈએ. શાસ્ત્રોમાં આવા સક્ષમ, આધ્યાત્મિક ગુરુના લક્ષણો આપવામાં આવ્યા છે. જે આ પ્રમાણે છે. (૧) પવિત્ર અને ઉચ્ચ કુળમાં જન્મ (૨) મિષ્યાયપણું (૩) આત્મસંયમ (૪) શાસ્ત્રોનું ઊંડું જ્ઞાન (૫) ધ્યાન સિદ્ધ (૬) પ્રેમ અને કરૂણાસંપન્ન (૭) શ્રોતિય એટલે કે શાસ્ત્રના આધ્યાત્મિક મર્મને જાણનાર (૮) અવૃજિન એટલે કે જેનું આચરણ શાસ્ત્રસંમત અને તપોમય હોય અને (૯) અકામહત એટલે કે નિ:સ્વાર્થતા આવી વ્યક્તિને સદ્ગુરુ કહી શકાય, સાચા ગુરુ કહી શકાય, આધ્યાત્મિક ગુરુ કહી શકાય. આવા ગુરુ ઈશ્વરનું પ્રગટ સ્વરુપ હોય છે. આવા ગુરુનું શરમ લેવાથી ભૌતિક અને આધ્યાત્મિક જીવનમાં ઉન્નત બની શકાય છે, સુખ, સમૃદ્ધિ અને શાંતિ પ્રાપ્ત કરી શકાય છે.

# હોય ના વ્યકિત ને એનું નામ બોલાયા કરે



જોહાનિસબર્ગથી ડરબન જતા બેરીસ્ટર ગાંધીની આમ તો આ એક રૂટીન મુસાફરી જ હતી. તે મુસાફરી શરૂ થઈ ત્યારે તેની સાથે કોઈ વિશેષ ઘટના કે વિચાર સંકળાયેલા ન હતા. પરંતુ ભાવીના ગર્ભમાં આ મુસાફરી એક અજોડ તથા અદ્વિતીય ઘટના બની રહે તેવા છૂપા સંકેત હતા. કાળની ગતિ આમ પણ ન્યારી છે તે વાતની અહીં પ્રતિતિ થાય છે. મુસાફરી જોહાનિસબર્ગથી શરૂ થતી હતી. રેલ્વે સ્ટેશને એક સામાન્ય પ્રથા છે તે મુજબ ગાંધીજીના મિત્ર પોલાક સફર પર જતાં ગાંધીને વળાવવા માટે આવેલા હતા. સ્ટેશને પોલાકે એક નાની પુસ્તિકા ગાંધીજીના હાથમાં મૂકી. મુસાફરી દરમિયાન આ પુસ્તિકા વાંચી જવા પોલાકે ગાંધીજીને સલાહ પણ આપી. અહીં સુધીની બધી વાત તો નોર્મલ કે ચીલાચાલુ જણાય છે. પરંતુ તોફાન હવે આવવાનું હતું. મિત્ર પોલાકે આપેલા આ પુસ્તકને વાંચ્યા પછી ગાંધી એક નવા વિચારોની આંધીમાં ઘેરાઈ ગયા. પુસ્તકના પ્રતાપે રાતની ઊંઘ પણ બગડી. વૃધ્ધ અને અશકત વ્યકિત તથા મૃત વ્યકિતને જોઈને બુધ્ધે જેમ મહાભિનિષ્ક્રમણ કર્યુ તેમ સુખી-સંપન્ન તથા સફળ બેરિસ્ટર ગણાતાં ગાંધી પણ એક નૂતન તથા મંગળમય યાત્રા માટે તૈયાર થઈ ગયા. માર્ગ અજાણ્યો હતો. સાધનો અને શકિત હજુ એકઠા કરવાના હતા. પરંતુ લક્ષ સ્પષ્ટ હતું. નિરધાર અડગ હતો. સત્ય-અહિંસા અને સ્વાર્પણના દુનિયાએ જોયા કે અનુભવેલા નહિ તેવા આયુધો સાથે ગાંધીએ વિશ્વકલ્યાણ માટે જીવનના એક નૂતન માર્ગે ડગલા માંડ્યા. રસ્કિનની પોલાકે આપેલી પુસ્તિકામાં પ્રબોધેલા વિચારો અનુસારનું જીવન વ્યતિત કરવાનો ગાંધીનો નિર્ણય મહાભારતની કથાના ભિષ્મ પ્રતિજ્ઞા જેવો છે. ગાંધીજીએ આત્મબળના ભાથે અને આત્મદીપના અજવાળે આ નૂતન માર્ગ પર ડગલા માંડ્યા અને તેના આ નૂતન પ્રયાણથી દુનિયાની અનેક બાબતો બદલી. આ બદલાવની શરૂઆતનું પ્રથમ વિરાટ પગલું એટલે ફિનિકસના નામ સાથેની નવી વસાહત. પોતાની રાખમાંથી પણ પેદા થવાની શકિત ધરાવતા પક્ષી ફિનિકસના નામ સાથે આ નવી વસાહતને જોડીને ગાંધીએ સમગ્ર વિશ્વને મજબૂત સંદેશ આપ્યો. કદાચ બળીને રાખ થઈ જઈએ તો પણ અમારું અસ્તિત્વ ભૂંસાઈ જવાનું નથી તેવી ગગનભેરીનો નાદ દક્ષિણ આફ્રિકાની ભૂમિ ઉપર ગાંધીએ ગજાવ્યો. જગતના કાન અને આંખ આ નૂતન પ્રયાણને નીરખવા અને આંકવા સચેત થયા. સાદું મજૂરીનું ખેડૂતનું જીવન વ્યતિત કરવા માથે કફન બાંધીને નીકળેલા પોરબંદર રાજયના આ દિવાનના દિકરાના વધામણાં કાળ દેવતાએ પણ કદાચ કર્યા હશે. મોહનમાંથી મહાત્મા બનવાની પ્રક્રિયાનો શુભારંભ ફિનિકસથી થયો. ગાંધી વિચારના આજીવન ઉપાસક રામનારાયણ નાગરદાસ પાઠકે મોહનમાંથી મહાત્મા તરીકે પ્રસ્થાપિત થતા મોહનદાસ ગાંધીની કથા કાળજીપૂર્વક લખીને આપણા પર ઋણ ચડાવેલું છે. સુવિખ્યાત વાર્તાકથક તથા સર્જક રામનારાયણભાઈના સાદા, ઘરાળુ અને છતાં વિચારવાહી ગદ્યથી ગાંધી જીવનની વિવિધ છટાઓ પ્રગટ થવા પામી છે તેવું આચાર્ય યશવંત શુકલનું વિધાન સકારણ છે. આપણી ભાષાના સમર્થ સર્જક રામનારાયણ (રામભાઈ) પાઠકે પોતાની સાદી, સરળ પરંતુ સચોટ શૈલીમાં લગભગ એંસી જેટલા પુસ્તકો આપેલા છે તે બાબત તેમને સમર્થ ગદ્યકાર તરીકે પ્રસ્થાપિત કરે છે. ઈ.સ.૧૯૮૮ના જૂલાઈ માસની ચોથી તારીખે તેઓ અનંતની યાત્રાએ ઉપડી ગયા. તેથી જૂલાઈ માસમાં તેમનું વિશેષ સ્મરણ થવું સ્વાભાવિક છે. તેમની વિદાયને ત્રણ દાયકા થવા આવ્યા છે. પરંતુ તેમના અનેક સર્જનોને કારણે તેઓ અક્ષરદેહે હંમેશા આપણી વચ્ચે-આપણી સાથે જીવંત રહેશે. ડૉ. ઉષાબેન પાઠકે તેમના વિદ્વાન પિતાશ્રીની સ્મૃતિમાં ''સ્મરણોની પાંખે'' નામથી સ્મૃતિગ્રંથ પ્રગટ કરીને પિતૃતર્પણનું એક ઉજળું અને યાદગાર કામ કરેલું છે. રામભાઈ તથા તેમના ધર્મપત્ની નર્મદાબેનના ચરિત્ર ભાવિ પેઢીઓને જીવતરનું ઘડતર કરવામાં માર્ગદર્શક બને તેવા છે. રામભાઈ જેવા ગાંધીના ગોવાળોએ બાપુની વિદાય પછી પણ બાપુને પ્રિય હતા એવા સમાજસેવાના કાર્યો કરીને ગાંધી-વિચારને સતત જીવંત તથા ધબકતા રાખ્યા છે. ગાંધી ગયા તે પછીના સમયમાં પરિવર્તનના વિવિધ સ્વરૂપો સમાજ જીવન સામે આવ્યા. તેમાંના કેટલાક આવકારદાયક તો કેટલાક લાંબા ગાળે સમાજ માટે હિતકારી ન હોય તેવા હતા. આવા વિધ વિધ પ્રવાહો વચ્ચે પણ રામભાઈ-નર્મદાબેન જેવા સાધકોએ સાચી દિશા પારખીને ગાંધી વિચારનો દિવો ઝળહળતો રાખ્યો. સમસ્યાઓને સમજીને વ્યાપક સમાજહિતમાં તેના ઉકેલ માટે યથાશકિત અને અવિરત પ્રયાસ કર્યા. બાપુને પ્રિય એવી સતત કર્મ કરતા રહેવાની વૃત્તિ તેમણે જીવતરથી સહેજ પણ અળગી ન કરી. કવિ વેણીભાઈ પુરોહિતના શબ્દો આ સંદર્ભમાં યાદ આવે છે.




થાકે ન થાકે છતાંયે
હો માનવી, ન લેજે વિસામો
ને ઝૂઝજે એકલ બાંયે
હો માનવી, ન લેજે વિસામો

રામભાઈ તથા નર્મદાબેન વિશે લખતા પ્રા. પુરોષત્તમ ગણેશ માવળંકરે તેમને ''ભાવ-ભૂખ્યાં'' અને ''ભાવ-સમૃધ્ધ'' દંપતી તરીકે ઓળખાવીને પોતાનો આદર વ્યકત કર્યો છે. ગાંધી ગુણે આ દંપતીનું જીવન હંમેશા ભવ્ય તથા શોભાયમાન રહયું. રામભાઈએ જે પુસ્તકો લખ્યા તેમાં રહેલા ઊંડાણ તથા સત્વની અનેક સાહિત્યકારોએ મુકત મને પ્રશંસા કરેલી છે.

ગાંધીયુગની આકાશગંગાના રામનારાયણ નાગરદાસ પાઠક જેવા તેજસ્વી તારલાઓને જોઈને અહોભાવ થાય સિવાય રહે નહિ. આ તેજસ્વી વ્યક્તિઓના જીવન કર્મઠ રહયા. તેમણે શ્રમનું ગૌરવ કર્યું. ગમે તે ભોગે અને ગમે તેવા કપરા સંજોગોમાં પણ તેમણે જીવનના મૂલ્યોને જાળવી રાખ્યા. અડગ થઈને-અડગ રહીને જીવ્યા અને સમાજને તેનો ખોબે અને ધોબે લાભ પણ થયો. શાયર 'ગની' દહીંવાલાએ લખ્યું છે તેમ આવા લોકોની હંમેશા ખોટ વર્તાયા કરશે.

જો અડગ રહેવાનો નિશ્ચય
ધરતીના જાયા કરે, એ
પડે તો એનું રક્ષણ
એના પડછાયા કરે,
જિંદગીનો એજ સાચેસાચ
પડધો છે 'ગની', હોય ના વ્યકિત
ને એનું નામ બોલાયા કરે.

# યે કૌન ચિત્રકાર હે... યે કિસ કવિ કી કલ્પના કા ચમત્કાર હે...

દુરબુકથી ભારત અને ચીનમાં વહેંચાયેલું 'પેંગોગ લૅક' જોવાની તાલાવેરી સાથે અમે રસ્તો કાપતા કાપતા આખરે અપ્રતિમ અને અદ્ભૂત એવા 'પેંગોંગ સરોવર'ને જોઈને દિગ્મૂઠ બની ગયા...

લગભગ ૧૨૫ કિ.મી.માં ફેલાયેલું આ સરોવર ૧૦૦ કિ.મી. ચીનમાં છે અને ૨૫ કિ.મી. ભારતમાં છે... આ સ્થળને લોકપ્રિય બનાવવા પાછળ રેન્ચોનો હાથ છે, એટલે કે '૩ ઈંડિયટ' માં ના ત્રીજા ઈંડિયન આમિર ખાનનો હાથ છે... ફિલ્મનો ક્લાઈમેક્સ જયાં શૂટ થયો છે, તે આ સરોવર ત્યાર બાદ તો ઘણા ફિલ્મી દશ્યોમાં જોવા મળે છે... ટૂરિસ્ટને બરફના રણ સમા લેહ સુધી લઈ આવનારા એક કારણ સમા આ ફિલ્મી દશ્યો પણ છે...

ચોખ્ખું કાચ જેવું પાણી, પ્યોર બ્લુ કલરનું પાણી, જાણે શાહી રેડી હોય. તળાવની પાછળ પર્વતો અને તેની ઉપર છૂટાછવાયો બરફ, જાણે ક પરીના દેશનું વર્ણન સાંભળ્યું હોય તે નજરે જોવા મળ્યું. આંખો એક મટકુ પણ મારવા માટે તૈયાર નહોતી... જાણે કે એક ક્ષણ માટે પણ દશ્યો ન જવા દેવા હોય... 'પેંગોંગ લૅક'ની સુંદરતા જોઈને તો વાણી જ જાણે ચાલી ગઈ. કિનારે બેઠા-બેઠા જાણે સુંદરતા જ માણતા રહેવાનું મન થાય... ચીનની સરહદ ત્યાંથી નજીક હોવાના કારણે આપણા ભારતીય સૈન્યની ચોકીઓ ખૂબ જ આવે રાખે છે... 'પેંગોંગ લૅક' નું પાણી ખૂબ જ ઠંડુ અને ખારું છે, હા સરોવરનું પાણી દરિયા જેવું ખારું નવાઈની વાત છે...

૧૪,૨૭૦ ફુટની ઊંચાઈ પર આવેલ આશરે ૫ કિ.મી. પહોળો આ લૅકનું પાણી ખારું હોવા છતા શિયાળામાં સંપૂર્ણ જામી જાય છે.

હિમાલયની ઉચ્ચત્તમ ઊંચાઈ પર આવેલ આ સરોવર કોઈ નદી સાથે સંકળાયેલ નથી. પાણી જવાનો એક માત્ર રસ્તો બાષ્પીભવનની પ્રક્રિયા માત્ર છે... ઈન્ડસ રિવર (સિંધુ નદી) નો આ ભાગ નથી... ભૌગોલિક પરિસ્થિતિઓના કારણે આ સરોવરનું પાણી કયાક વહેતું નથી, માટે આ સરોવરનું પાણી ખારું છે... ૧૯૭૧માં ઈરાકના 'રામસર' કરારના આધારે સાઉથ એશિયાની આ એક માત્ર એવી જગ્યા છે, જયાં બે દેશની બોર્ડર 'વૅટલેન્ડ'માં છે, અને આ કરાર પ્રમાણે દર ત્રણ વર્ષે બંને દેશના સુરક્ષા વચ્ચે કરાર રિન્યુ કરવામાં આવે છે. પહેલા આ સરોવરનું પાણી 'શાયોક' નદી ને મળતું હતું પરંતુ પાછળથી થયેલાં ભૌગોલિક ફેરફારના કારણે હવે આ સરોવર કુદરતી ડેમમાં આકારીત થઈ ગયું છે. સૌ પ્રથમ જો કે મણિરત્નમ સાહેબે ફિલ્મ 'દિલ સે' માં 'સતરંગી રે' ગીત ૧૯૯૮માં આ સરોવર કિનારે ફિલ્માવ્યું હતું...

આ સરોવરના અતિશય ઠંડા પાણીમાં આંગળી નાખીએ તો ખોટી પડી જાય, સાંજે પાંચ વાગ્યા પછી ખૂબ જ ઠંડા પવનો વહેવાના શરુ થઈ જાય છે, જે ભલભલા ચમરબંધીના હાંજા ગગડાવી દે તેમ છે. અમે હિંમત કરીને રાત્રે ત્યાં લૅકના કિનારે લાકડાની કેબિનમાં કામચલાઉ રૂમ બનાવ્યા હોય છે, તેમાં રહ્યા હતા... આજે પણ એ રાત યાદ કરીએ તો લખલખુ પસાર થઈ જાય છે... બીજા દિવસે સવારે પેંગોંગથી લેહ આવવા પાછા નીકળ્યા... રસ્તામાં 'ચાંગલા પાસ' આવે છે... તે દુનિયાનો બીજા નંબરનો હાઈએસ્ટ મોટરેબલ રોડ છે. તેની ઊંચાઈ ૧૭૫૯૦ ફૂટ છે.

ખારડુંગલા પાસ આ રોડ કરતા વધુ ઊંચો હતો, પરંતુ છતા પણ ડ્રાઈવીંગની રીતે આ રસ્તો વધારે ખતરનાર હતો, કારણ કે રસ્તો જ ન હતો... કાચી કેડીથી વિશેષ બીજું કશું જ નહીં. એવી કથા ઘડી કાઢવામાં આવી છે કે, 'ચાંગલા બાબા'ના નામ પરથી અહીંના રોડનું નામ ચાંગલા પાસ છે... પરંતુ વાસ્તવમાં આનો સાચો અર્થ છે... Chang- South અને La = pass ચાંદ = દક્ષિણ, લા - રોડ, દક્ષિણ તરફનો રોડ...




આ આસ્ફાલ્ટના ખડકો અને બરફની ચાદરોથી ઢંકાયેલા પર્વતો વચ્ચેથી આ રસ્તો 'ખારું' અને સક્તિ થઈને લૅહ પહોંચાડે છે... અવિસ્મરણીય યાત્રાના સંભારણા હૃદયમાં સંગ્રહીને અમે પાછા ફર્યા. ત્યાં ઓક્સિજનની ઉણપના કારણે અને પુષ્કળ ઠંડીને કારણે શ્વાસની તકલીફ અને માથુ વારંવાર પકડાઈ જવાની ફરિયાદ રહે છે, પરંતુ 'અમૃત બિંદુ' - બાબા રામદેવના પતંજલિ સ્ટોરમાંથી આ ઔષધિ ત્યાં ખૂબ કામ લાગી..

લેહથી ચાર કિ.મી. દૂર શાંતિ સ્તૂટ અદ્ભૂત જગ્યા છે... દાર્જિલીંગમાં આવેલ 'પીસ પેંગોડા' નામક જગ્યા ને બિલકુલ મળતી આવતી આ જગ્યા છે... પરંતુ અહીંથી નીચે આખુ લેહ જોવાની મજા કંઈક અલગ જ છે...

ગુજરાત સિવાય બહાર જઈને એટલે સ્વાભાવિક રીતે જમવામાં તો તકલીફ પડે જ છે... ઠંડી પણ પુષ્કળ છે, હિલ સ્ટેશન પર લોકલ માર્ગો માટે કોઈ રીક્ષા વગેરે વાહનો મળતા નથી માટે ખૂબ ચાલતા રહેવું પડે છે...

પણ લેહના નયનરમ્ય અને ચિત્તઆકર્ષક દશ્યો જોઈને આપણો બધો જ થાક ઓગળી જાય છે... લેહ જેવી અખૂટ કુદરતી સૌંદર્ય ધરાવતી જગ્યા હજી સુધી તો બીજે કયાક જોવા મળી નથી... બસ 'બૂંદ જો બન ગઈ મોતી' ફિલ્મનું ગીત જ યાદ આવી જાય...

કુદરત કે ઈસ પવિત્રતા કો
તુમ નિહાર લો...
તપસ્વીઓં સી હે અટલ
પર્વતો કી ચોટીયાં...
યે કિસ કવિ કી કલ્પના કા
ચમત્કાર હે...
યે કૌન ચિત્રકાર હે...

- jayuoza@gmail.com,
Mo. 9898046488